# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-11-2022** **Morning : 7.10 to 7.20**

**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

---

- રાજય વિધાનસભાની ૭૭ બેઠકોની પહેલી ડિસેમ્બરે યોજાનારી ચૂંટણી માટે પ્રચાર કરવા માત્ર છ દિવસ છે. ત્યારે રાજયમાં આજથી ચૂંટણી પ્રચાર વેગવાન બનશે.
- વિધાનસભા ચૂંટણીમાં રાજ્યમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે ચૂંટણી તંત્ર દ્વારા અનેકવિધ પગલાં લેવાઈ રહ્યા છે.
- ગાંધીનગરમાં આજે યોજાનારી પત્રકાર પરિષદમાં રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી વિધાનસભાની ચૂંટણી માટે, ચૂંટણી તંત્ર દ્વારા કરાયેલી તૈયારીની વિગતો આપશે.
- આધાર સત્તામંડળએ આધારને ઓળખના પુરાવા તરીકે સ્વીકારતા પહેલાં તેની ચકાસણી કરવા અનુરોધ કર્યો છે.
- સૌરાષ્ટ્રે વિજય હઝારે ક્રિકેટ સ્પર્ધાની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો છે.

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# ELECTION CAMPAIGN-1

રાજય વિધાનસભાની 89 બેઠકોની પહેલી ડિસેમ્બરે યોજાનારી ચૂંટણી માટે પ્રચાર કરવા માત્ર છ દિવસ છે. ત્યારે રાજયમાં આજથી ચૂંટણી પ્રચાર વેગવાન બનશે.

ભાજપના વરિષ્ઠ નેતા અને ગૃહમંત્રી અમિત શાહ આજે ઝાલોદ, વાગરા, મહુધા અને નરોડામાં જાહેરસભાઓ તેમજ નાંદોદમાં રોડ શો યોજશે.

કેન્દ્રિય મંત્રી સ્મૃતિ ઇરાની વલસાડ જીલ્લામાં તથા કેન્દ્રિયમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન આજે સુરતમાં ચૂંટણી પ્રચાર કરશે.

કેન્દ્રિય મંત્રી પૂરૂષોત્તમ રૂપાલા આજે નવસારી, ડાંગ અને સુરત જીલ્લાઓમાં પાંચ ચૂંટણી રેલીઓ યોજશે.

તો બીજી તરફ કોંગ્રેસના નેતા રાજીવ શુકલ અને આલોક શર્મા આજે અમદાવાદમાં પત્રકાર પરિષદને સંબોધશે.

આમ આદમી પાર્ટીના ભગવંત માન વિવિધ સ્થળોએ રોડ શો યોજશે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે પાલનપુર, મોડાસા, દહેગામ અને બાવળામાં ચૂંટણી રેલીઓ યોજી હતી.

તેમણે કહ્યું કે, આ વખતની ચૂંટણી કયો પક્ષ ગુજરાતમાં સત્તા પર રહેશે તેની સાથે સાથે ગુજરાતનું આગામી 25 વર્ષનું ભવિષ્ય નિર્ધારીત કરવાની છે. તેમણે વિકાસ પ્રત્યે ભાજપની પ્રતિબદ્ધતા દોહરાવી ગુજરાતને વધુ સમૃદ્ધ અને વધુ પ્રગતિવાળુ રાજ્ય બનાવવાની નેમ વ્યક્ત કરી હતી.

કોંગ્રેસના સાંસદ મુકુલ વાસનીક, પંજાબ પ્રદેશ કોંગ્રેસના વડા અમરીન્દરસિંહ રાજા બ્રાર અને પ્રવકતા આલોક શર્માએ ગઇકાલે સુરત અને અમદાવાદમાં પત્રકાર પરિષદ યોજીને ભાજપ અને આપની શિક્ષણ, રોજગારી સહિત વિવિધ મુદ્દાઓ બાબતેની નીતિઓની ટીકા કરી હતી.

# ELECTION CAMPAIGN-2

આમ આદમી પાર્ટીના ભગવંત માન અને રાઘવ ચઢ્ઢાએ ગઇકાલે રોડ શો તથા પત્રકાર પરિષદમાં પોતાના પક્ષની નીતિની જાણકારી આપી હતી.

અમારા સંવાદદાતા જણાવે છે કે, વિવિધ રાજકીય પક્ષો ચૂંટણી પ્રચાર માટે અલગ પદ્ધતિઓ અપનાવી રહ્યા છે.

સત્તાધારી ભાજપ જાહેર સભા તથા મતદારોનો સીધો સંપર્ક કરીને વિકાસ કામોની માહિતી આપી ચૂંટણી પ્રચાર કરી રહ્યો છે.

તો બીજી તરફ કોંગ્રેસ પત્રકાર પરિષદ અને ચૂંટણી બેઠકો યોજીને મતદારો સુધી પહોંચવાના પ્રયાસ કરી રહ્યા છે.

આમ આદમી પાર્ટી રોડ શો અને પત્રકાર પરિષદો દ્વારા મતદારો સાથે સીધો સંવાદ કરવાના પ્રયાસો કરી રહી છે.

જામનગર જીલ્લામાં ભાજપ મહિલા મોરચા દ્વારા મહિલા સ્નેહમિલન કાર્યક્રમ યોજાઇ ગયો. જેમાં ભાજપના ઉમેદવારોની તરફેણમાં મતદાન વધારવા પ્રચારની રણનીતિ ઘડવામાં આવી હતી.

જામનગરમાં ઓળખો તમારા ઉમેદવારને કાર્યક્રમ અંતર્ગત આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ નાગરીકો સાથે સંવાદ કરી તેમના દ્વારા પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

---

- અપર્ણા, જીએનઆર, પીટીસી, જામનગર, શ્રીરંગ તેંડુલકર, નવીન

# ELECTION GENERAL-1

લોકશાહીને ધબકતી રાખવા માટે મતદાન જરૂરી છે. વિધાનસભા ચૂંટણીમાં રાજ્યમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે ચૂંટણી તંત્ર દ્વારા અનેકવિધ પગલાં લેવાઈ રહ્યા છે.

આજે બપોરે ગાંધીનગરમાં સ્વર્ણીમ સંકુલ ખાતે યોજાનારી પત્રકાર પરિષદમાં રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે, ચૂંટણી તંત્ર દ્વારા કરાયેલી તૈયારીની વિગતો આપવાના છે.

ડાંગ, પોરબંદર, બોટાદ અને ભાવનગર જીલ્લાઓમાં ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ અને પોલીસ જવાનોએ ગઇકાલે પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કર્યું હતું.

ગાંધીનગર જિલ્લામાં ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત કરવામાં આવેલા ખર્ચ નિરીક્ષકો દ્વારા આજે અને 29 નવેમ્બર તથા ત્રીજી ડીસેમ્બરે દહેગામ, ગાંધીનગર દક્ષિણ, કલોલ, ગાંધીનગર ઉત્તર અને માણસા મતદાર વિભાગના ઉમેદવારોના ખર્ચ રજિસ્ટરના હિસાબોની ચકાસણી કરવામાં આવશે.

મહેસાણા જીલ્લાના વિજાપુરમાં કે. પી. સેકન્ડરી અને એસ. યુ. પટેલ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાયકલ રેલી યોજીને મતદાન અંગે જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો.

સુરતના નાનપુરા ખાતેના આયોજન ભવનમાં રાજસ્થાનના બીકાનેરથી આવેલા ધર્મેન્દ્ર અગ્રવાલે રંગબેરંગી પાણીપુરીઓની મદદથી મતદાન કરવાનો સંદેશ આપતું પ્રતીક બનાવ્યું છે.

પોરબંદર જીલ્લામાં પોરબંદર અને કુતિયાણા વિધાનસભા મતવિસ્તારમાં આચારસંહિતાના ભંગને લગતી મળેલી 30 ફરિયાદોનો નિકાલ કરાયો છે.

રાજકોટ જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદારો અને ચૂંટણી કામગીરી માટેના કર્મચારીઓ માટે પ્રાથમિક આરોગ્યલક્ષી સુવિધાઓનું આયોજન કરાશે.

# ELECTION GENERAL-2

જેના ભાગરૂપે રાજકોટ જીલ્લાના બધા જ મતદાન મથકોએ પ્રાથમિક સારવાર કિટ, જરૂરી દવાઓ તથા એમ્બ્યુલન્સ જેવી સુવિધા ઉપલબ્ધ કરાવાશે.

મતદાનના આગલા દિવસે અને મતદાનના દિવસે જીલ્લાના ૪ ડિસ્પેચીંગ અને રિસીવીંગ સેન્ટરો ખાતે પણ પ્રાથમિક સારવારની કિટ અને તબીબોની વ્યવસ્થા રખાશે.

વલસાડ ચૂંટણી તંત્રએ માનવીય અભિગમ અપનાવી હોસ્પિટલ પહોંચી પોસ્ટલ બેલેટથી વયોવૃધ્ધ દંપતી પાસે મતદાન કરાવ્યું હતું.

જામનગરની એક યુવતીએ ભારતના પ્રથમ વયસ્ક મતદાર શ્યામ શરણ નેગીનું પેઇન્ટિંગ બનાવી શહેરીજનોને મતદાન કરવા અપીલ કરી હતી.

ભરૂચ જિલ્લામાં પણ બી.એલ.ઓ ઓફિસરો દ્વારા ભરૂચ જિલ્લાના ૫ વિધાનસભા વિસ્તારોમાં ક્યુઆર કોડવાળી મતદાર માહિતી સ્લીપનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. હાલમાં બુથ લેવલ ઓફિસરો દ્વારા ઘરે ઘરે જઈને મતદાતાઓને સ્લીપ આપવામાં આવી રહી છે.

---

પીટીસી, મહેસાણા, પોરબંદર, ભાવનગર, ખેડા, સુરત, પોરબંદર, રાજકોટ, રીપીટ, શ્રીરંગ તેંડુલકર, નવીન

# UIDAI

આધાર સત્તામંડળ- યુઆઇડીએઆઈ એ આધારને ઓળખના પુરાવા તરીકે સ્વીકારતા પહેલાં તેની ચકાસણી કરવા અનુરોધ કર્યો છે. ચકાસણી કરવાથી અયોગ્ય કે અસામાજિક તત્વો દ્વારા સંભવિત દુરુપયોગથી બચી શકાય છે. રાજ્ય સરકારોને પણ વિનંતી કરી છે કે ઓળખ દસ્તાવેજ તરીકે ઉપયોગ કરતા પહેલાં આધાર ચકાસણી કરવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવે. આ માટે એમ આધાર એપ અથવા આધાર ક્યુ આર કોડનો ઉપયોગ કરીને આધાર નંબરને ચકાસી શકાય છે.

યુઆઇડીએઆઈ એ ઉમેર્યું કે ઓફલાઈન ચકાસણીમાં આધાર દસ્તાવેજો સાથે ચેડાં થઈ શકે છે અને તે બાબત આધાર કાયદા હેઠળ દંડપાત્ર ગુનો બને છે.

---

રિપિટ

# Cricket

સૌરાષ્ટ્રે વિજય હઝારે ક્રિકેટ સ્પર્ધાની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો છે.

અત્યાર સુધીની લીગ તબક્કાની 7 મેચોમાંથી 5 મેચોમાં વિજય મેળવીને સૌરાષ્ટ્રે 20 અંકો સાથે એલીટ ગ્રુપ-એમાં મોખરાનું સ્થાન મેળવ્યું છે.

આ સોમવારે 28મીએ નડીયાદમાં રમાનારી વિજય હઝારે ક્રિકેટ સ્પર્ધાની ક્વાર્ટર ફાઈનલમાં સૌરાષ્ટ્ર અને તમીળનાડુ વચ્ચે મુકાબલો થશે.

---

એજન્સી, શ્રીરંગ, જતિન કામદાર

# Railway

રાજકોટ અને પોરબંદર ડિવિઝન રેલવેમાં સમારકામના કારણોસર બે ટ્રેન રદ કરાઈ છે. જ્યારે બ ટ્રેનનો રૂટ ડાયવર્ટ કરાયો છે, જેની માહિતી આ મુજબ છે.

આગામી 27 નવેમ્બરે વડોદરા-જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ અને 28 નવેમ્બરે જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ રદ કરાઈ છે.

પોરબંદરથી ઉપડતી પોરબંદ-મુઝફ્ફરપુર ટ્રેનનો રૂટ આલમપુર-લખનૌ , ઐશબાગ-મલ્હૌર-બારાબંકી જંકશન પર ડાયવર્ટ કરાયો છે. આ ટ્રેન લખનૌ સ્ટેશને સવારે 5.25 વાગે પહોંચશે અને સવારે 5.35 વાગ્યે ઉપડશે. મુસાફરો વધુ માહિતી મેળવવા WWW.ENQUIRY.INDIANRAIL.GOV.IN ની મુલાકાત લઈ શકે છે.

---

પીટીસી-રાજકોટ, પોરબંદર – જયદિપ પંડ્યા, મહેશ લુક્કા,

મિત્તલ પટેલ, જતિન કામદાર

# DRI Munda

મુન્દ્રા સેઝ ખાતેથી DRIએ 77 કરોડની કિંમતના બ્રાન્ડેડ કોસ્મેટિકનો જથ્થો જપ્ત કર્યો છે.

DRIએ ચોક્કસ બાતમીના આધારે કરેલી કાર્યવાહીમાં વેનિટી કેસના 773 પેકેટો મળી આવ્યા હતાં, જેમાં વિવિધ પ્રકારના સૌંદર્ય પ્રસાધનો છૂપાયેલા મળી આવ્યાં હતાં.

આ બ્રાન્ડે કોસ્મેટીકની બજાર કિંમત અંદાજે રૂપિયા 74 કરોડ થાય છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી અને આદર્શ આચાર સંહિતા લાગુ થતાં પહેલાં DRI દ્વારા દાણચોરી પર વિશેષ નજર રખાઈ રહી છે.

---

PIB, મિત્તલ પટેલ, જતિન કામદાર

# Covid

રાજ્યમાં કોવિડથી થવાનો દર 99.12 ટકા થયો છે. ગઈકાલે કોરોનાના નવા 7 કેસ નોંધાયા છે. 13 દર્દીઓ સાજા થયા છે.

હાલ રાજ્યમાં 234 કેસ એક્ટીવ છે, જે પૈકી 232 દર્દીઓની સ્થિતિ સ્થિર છે અને બે વ્યક્તિ વેન્ટીલેટર પર છે.

---

મા.ખા., મિત્તલ પટેલ, જતિન કામદાર

# Weather

રાજ્યના સૌરાષ્ટ્ર અને કચ્છના ઘણા વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં એકથી પાંચ ડિગ્રી ઓછું નોંધાયું હતું. સૌથી ઓછું 12 ડિગ્રી સેલ્સીયસ લઘુત્તમ તાપમાન ગાંધીનગર અને નલીયામાં નોંધાયું હતું.

આ ઉપરાંત મહુવા, કેશોદ, અમદાવાદ, ડિસા અને વલસાડમાં 14 ડિગ્રી , કંડલા એરપોર્ટ, અમરેલી અને વડોદરામાં 15, ભાવનગર, પોરબંદર, દિવમાં 16 જ્યારે ભુજ, સુરેન્દ્રનગર અને સુરતમાં 17 ડિગ્રી સેલ્સીયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. આ જ સમયગાળામાં સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાન પણ સામાન્ય કરતા એક ડિગ્રી ઓછું નોંધાયું હતું.

હવામાન વિભાગની યાદીમાં જણાવ્યું છ કે, આગામી ત્રણ-ચાર દિવસમાં લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર થવાના શક્યતા ઓછી છે.

---

હવામાન વેબ, શ્રીરંગ, જતિન કામદાર

# Patan university

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ દ્વારા આગામી તારીખ 16 ડિસેમ્બરના રોજ સેનેટના કુલ 15 મતદાર વિભાગો માટે ચૂંટણી મતદાન થશે. ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયાનો ગઇકાલથી પ્રારંભ થયો છે. પ્રથમ દિવસે ૧૬૪ ફોર્મનું વિતરણ થયું હતું.

યુનિવર્સિટી કોર્ટની જુદા જુદા 15 મતદાર વિભાગોની કુલ 48 બેઠકો માટે 16 ડિસેમ્બરે ચૂંટણી યોજાનાર છે. આ ચૂંટણીમાં 18 હજાર 031 મતદારો મતદાન કરશે. યુનિવર્સિટી દ્વારા મતદાર યાદી વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે

16 ડિસેમ્બરના રોજ 11 થી સાંજે 5 સુધી યુનિવર્સિટી સંલગ્ન પાંચ જિલ્લાની કોલેજોના 27 મતદાન મથકો પર ચૂંટણી યોજાશે. 18 ડિસેમ્બરે સવારે 11 વાગ્યાથી યુનિવર્સિટી કેમ્પસમાં મત ગણતરી યોજી પરિણામ પ્રસિદ્ધ કરાશે.

---

પીટીસી-પાટણ, રમેશ સોલંકી, મિત્તલ-(નવીન)